# કોર્ટ ઓફ કમિશનર (વિકલાંગ વ્યકિતઓ માટેના)

ગુજરાત રાજય

( Deemed Civil Court) વિકલાંગ ધારો (સમાન તકો, અધિકારોનું રક્ષણ અને પૂર્ણ ભાગીદારી) ૧૯૯૫

ભોંયતળિયે બ્લોક નં. ૧૬, જુના સચિવાલય, સેકટર-૧૦, ગાંધીનગર- ૩૮૨૦૧૦

**કેસ નં. ૫૩૬/૨૦૧૫** **ક્રમાંક કમિ/અપગ/૨૦૧૬-૧૭ /**

તા. /૦૭/૨૦૧૬

**વાદીઃ-**

**ચાવડા દેવજીભાઇ મેસુરભાઇ,**
**મુ. લુવારસાર, તા. વંથલી,**
**જિ. જુનાગઢ**

## વિરુધ્ધ

**પ્રતિવાદીઃ-**

**(૧) વિભાગીય નિયામકશ્રી,**
**ગુજરાત રાજય, માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન,**
**જુનાગઢ**

**(૨) ચીફ પર્સોનલ ઓફિસરશ્રી,**
**ગુજરાત એસ.ટી.,**
ગુજરાત રાજય, મધ્યસ્થ કચેરી,
જમાલપુર, અમદાવાદ

વિષયઃ- ભારતીય વિકલાંગ ધારો-૧૯૯૫ હેઠળ અરજી

૧ શ્રી ચાવડા દેવજીભાઇ મેસુરભાઇ, મુ. લુવારસાર, તા.વંથલી, જિ. જુનાગઢ ધ્વારા તેઓ તા.૨૧/૧૨/૨૦૧૫ ની અરજીથી રજુઆત કરવામાં આવેલ કે, તેઓ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન જુનાગઢ ડેપો ખાતે કન્ડકટર તરીકે ફરજો બજાવતાં હતાં , તે દરમ્યાન અકસ્માત થતાં તેઓ ૬૦ ટકા અપંગ બનેલ છે. તેઓને નિગમના જૂનાગઢ ડેપો ધ્વારા કરાયેલ સજા અન્વયે નામદાર હાઇકોર્ટના ચુકાદા મુજબ તેઓના ૩ ઇજાફા અટકાવવાના બદલે ૭ ઇજાફા અટકાવી અન્યાય કરેલ છે.

૨. અરજદારની રજૂઆત ભારતીય વિકલાંગ ધારાની કલમ ૫૯ (બી) હેઠળ દાખલ કરી કેસ નં. ૫૩૬/૨૦૧૫ તરીકે નોંધણી કરી તા. ૨૦/૦૧/૨૦૧૬ ની મુદત રાખવામાં આવેલ.

૩. તા.૨૦/૦૧/૨૦૧૬ ના રોજ મુદતે વાદી હાજર રહેલ છે, તેઓએ જણાવેલ કે તેઓને જુનાગઢ ડેપો ધ્વારા પગાર ફિકેશનમાં અન્યાય કરી રીકવરી રૂ. ૮૩,૦૪૬/- ભરી દેવા તા.૧૬/૦૪/૨૦૧૪ના પત્રથી જણાવવામાં આવેલ છે જે નામદાર હાઇકોર્ટના સ્પેશ્યલ સિવીલ એપ્લીકેશન નં. ૧૬૮૬૦/ ૨૦૧૩ના તા. ૩૧/૦૧/૨૦૧૪ થી આવેલ ચુકાદાથી વિરુધ્ધ છે. જુનાગઢ ડિવિઝનના કલાર્કશ્રી મુદતે હાજર રહેલ છે. તેઓએ લેખિત જવાબ રજુ કરતાં જણાવેલ કે શ્રી દેવજીભાઇ ચાવડા નિવૃત્ત થયેલ છે તેઓને મળવાપાત્ર પગાર કરતાં વધારે પગાર ચુકવવામાં આવેલ હોઇ તેની રીકવરી કરવા તા.૧૬/૦૪/૨૦૧૬ થી નોટીસ આપવામાં આવેલ. આમ છતાં તેઓએ કોઇ રીકવરી ભરેલ નથી. શ્રી ચાવડા નિવૃત્ત થતાં પહેલા તેઓને મે-૨૦૧૪ ના પગારમાં રૂ. ૫૫૭૯/- અને નિવૃત્ત રજા પગારમાંથી રૂ. ૭૬,૯૧૩/- રીકવરી કરેલ. હજી રૂ. ૫૫૦૪/- રીકવરી કરવાની બાકી રહેલ છે. વધુમાં, તેઓએ જણાવેલ કે, પ્રસ્તુત, બાબત એકાઉન્ટ શાખાને લગતી હોઇ આ બાબતે તેઓ વધુ વિગતો આપી શકે તેમ નથી અને એકાઉન્ટ શાખાના જવાબદાર અધિકારી /કર્મચારીને હાજર રાખવા જણાવેલ જે ધ્યાને લઇ પુનઃ મુદત તા.૨૨/૦૨/૨૦૧૩ના રોજ મુદત રાખવામાં આવેલ.

૪. તા.૨૨/૦ ૨/૨૦૧૩ ના રોજની આ કોર્ટ સમક્ષ સુનાવણીમાં વાદીશ્રી ચાવડા હાજર રહેલ છે. પ્રતિવાદી પક્ષે શ્રી દિપક જે.રાવલ હિસાબી અધિકારી હાજર રહેલ છે. તેઓએ તા.૨૯/૦૧/૨૦૧૬ ના પત્રથી નીચે મુજબની વિગતો રજુ કરેલ છે.

(૧) અરજદારશ્રી ચાવડાની રજુઆત મુજબ તેઓ કન્ડકટર તરીકે ફરજ બજાવતા હતાં, અકસ્માતે ઇજા થતાં તેઓને સીવીલ સર્જનશ્રીનાં મેડીકલ સર્ટીફિકેટના આધારે કક્ષા બદલી કમીટીના નિર્ણય અનુસાર તેઓને હેલ્પર કક્ષામાં તેઓની વિનંતી અનુસાર કક્ષા બદલી કરી મુકવામાં આવેલ.

(૨) તેઓ કન્ડકટર કક્ષામાં ફરજમાં હતાં ત્યારે તેમના ધ્વારા ટીકીટની ગંભીર ગેરરીતીનાં કેસમાં સંડોવતા તેમના વિરુધ્ધ કરવામાં આવેલ ખાતાકીય તપાસના અંતે તેઓ જવાબદાર જણાતાં તા. ૨૩/૦૮/૨૦૦૨ ના હુકમથી તેમના પગારમાં વાર્ષિક ઇજાફા સાત (૭) વર્ષ માટે કાયમી અસરથી બંધ કરવાનો હુકમ થયેલ.

(3) ઉપરોકત હુકમ સામે અરજદાર ધ્વારા નામદાર ઔધોગિક ન્યાય પંચ રાજકોટ સમક્ષ રેફ. નં.૮૮/૨૦03 દાખલ કરેલ જેનો ચુકાદો તા. ૦૯/૦૪/૨૦૧૩ ના રોજ કામદાર તરફી આવેલ અને સાત (૭) કાયમી બંધની શિક્ષા રદ કરવા હુકમ કરેલ.

(૪) નામદાર આઇ.ટી. કોર્ટના ઉકત હુકમ સામે નિગમ ધ્વારા નામદાર ગુજરાત હાઇકોર્ટ સમક્ષ સ્પેશ્યલ સિવીલ એપ્લીકેશન ૧૬૮૬૦/૨૦૧૩ દાખલ

કરેલ. નામદાર  હાઇકોર્ટ ધ્વારા તા.૩૧/૦૧/૨૦૧૪ ના રોજ આ કેસનો ચુકાદો જાહેર કરેલ અને સાત (૭) વર્ષ કાયમી બંધની સજા રદ કરી તેના બદલે ત્રણ (૩) વર્ષ કાયમી બંધનો હુકમ કરવામાં આવેલ.

(૫) આમ શ્રી ચાવડાને સાત (૭) વર્ષ કાયમી બંધની સજા કરવાનો હુકમ વિભાગીય મહેકમ હુકમ નં. ૨૫/૨૦૧૪ તા.૨૪/૦૧/૨૦૧૪ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ, જેમાં  તેઓને સાત (૭) વર્ષ કાયમી બંધની સજા કરવામાં આવેલ છે. ત્યાર બાદ નામદાર હાઇકોર્ટ સમક્ષ થયેલ સ્પેશ્યલ સિવીલ એપ્લીકેશન નં. ૧૬૮૬૦/૨૦૧૩ના ચુકાદા મુજબ સાત (૭) વર્ષ કાયમી બંધના બદલે ત્રણ (૩) વર્ષ કાયમી બંધની સજા કરવામાં આવતાં વિભાગીય મહેકમ નં. ૧૦૬/૧૪ તા.૨૬/૦૩/૨૦૧૪ પ્રસિધ્ધ કરવામાં આવેલ. જેમાં તેઓને સાત (૭) વર્ષ કાયમી બંધની શિક્ષા રદ કરી ત્રણ (૩) વર્ષની કાયમી બંધની શિક્ષાની અમલવારી કરવામાં આવેલ અને તે અન્વયે સજા ઘટતા ચુકવવાપાત્ર તમામ નાણાંકીય ચૂકવણાઓ કરવામાં આવેલ છે.

(૫) આમ શ્રી ચાવડા ધ્વારા કરાયેલ રજુઆત યોગ્ય નથી.  નામદાર હાઇકોર્ટના આદેશ મુજબ તેઓને ત્રણ (૩) વર્ષ વાર્ષિક ઇજાફા બંધની સજા કરવામાં આવેલ છે, જે ન્યાય નીતિનું ધોરણ જાળવી અને કરવામાં આવેલ છે.

(૬) વધુમાં  શ્રી ચાવડા ધ્વારા  રૂબરુ આ બાબતે રજુઆત કરેલ જે અંગે રૂબરુમાં તેઓને સમગ્ર વિગતો સમજાવેલ અને પુરતી  સમજણ આપવા છતાં તેઓ ધ્વારા બીન-જરૂરી વિવાદ ઉભો કરી પ્રસ્તુત કોર્ટ અને આ કચેરીના કામકાજ ઉપર વિક્ષેપ ઉભો કરી ભારણ વધારેલ છે, તો ઉકત  વિગતો ધ્યાને લઇ શ્રી ચાવડાની લેખિત અરજી ફાઇલે કરવા હુકમ થવા વિનંતી કરેલ.

૫. વિભાગીય મહેકમ હુકમ તા.૨૪/૧/૨૦૧૪ના મુજબ શ્રી દેવજીભાઇ મેસુરભાઇ ચાવડાને વખતો વખતનો પગાર ફિકસ કરતાં તા.૧/૭/૨૦૧૩ ના રોજ તેઓને પગાર રૂ. ૫૮૪૦-પે-બેન્ડ +૧૩૦૦ ગ્રેડ પે રૂ. સહિત પગાર રૂ.૭૧૪૦/- નિયત કરવામાં આવેલ. સ્પેશ્યલ સિવીલ એપ્લીકેશન નં. ૧૬૮૬૦/૨૦૧૩ માં નામદાર ગુજરાત હાઇકોર્ટે તા.૩/૧/૨૦૧૪ના આપેલ ચુકાદા મુજબ તેઓને ૭ વર્ષ કાયમી ઇજાફા બંધની જગ્યાએ ૩ વાર્ષિક ઇજાફા બંધ કરવાનો હુકમ કરેલ છે. જે અન્વયે  વિભાગીય  નિયામકશ્રી, કચેરીના તા.૨૬/૦૩/૨૦૧૪ના હુકમથી ચાવડાનો ફરી પગાર નિયત કરી તા.૧/૭/૨૦૧૩ના રોજ પગાર બેન્ડ રૂ. ૭૦૦૦ + ગ્રેડપે રૂ.૧૩૦૦ = રૂ. ૮૩૦૦/ નિયત કરવામાં આવે છે અને તા.૨૨/૫/૨૦૧૪ ના રીકવરી હુકમથી શ્રી ચાવડાને રૂ. ૮૩,૦૪૬/- રીકવરી હુકમ કરવામાં આવેલ છે.

૬. વાદીશ્રી ચાવડાની રજૂઆત અને વિભાગીય નિયામકશ્રી કચેરીના લેખિત જવાબ ધ્યાને લઇને પ્રસ્તુત કેસમાં નીચેના તારણ પર આવું છું.

૭. શ્રી ચાવડાને વિભાગીય નિયામકશ્રીની કચેરી જુનાગઢ ધ્વારા વખતો વખત ૭ જેટલા વાર્ષિક ઇજાફા કાયમી અસરથી અટકાવવાનો હુકમ કરવામાં આવેલ છે. જે હુકમ રદ કરી તેઓના ૩ વાર્ષિક ઇજાફા અટકાવવાની શિક્ષા નામદાર હાઇકોર્ટ ધ્વારા કરવામાં આવેલ છે. નામદાર હાઇકોર્ટના ચુકાદામાં અરજદારને તફાવતની રકમ યોગ્ય કાર્યવાહી કર્યા બાદ ચુકવી આપવા જણાવવામાં આવેલ છે, તે મુજબ પ્રસ્તુત કેસમાં કાર્યવાહી થયેલ હોવાની વિગત રજુ કરાયેલ નથી.

૮. કેસની સમગ્ર બાબત ધ્યાને લઇ હું નીચે મુજબનો હુકમ કરૂ છું.

## હુકમ

શ્રી ચાવડા દેવજીભાઇ મૈસુરભાઇની તા.૨૧/૧૨/૨૦૧૫ ની રજૂઆત અને નામદાર હાઇકોર્ટના તા.૩૧/૦૧/૨૦૧૪ ના સ્પેશ્યલ સિવીલ એપ્લીકેશન ૧૬૮૬૦ / ૨૦૧૩ના ચુકાદાને ધ્યાને લઇ વિભાગીય નિયામકશ્રી, વાહન વ્યવહારની કચેરી અરજદારની રજૂઆત પરત્વે નિયમોનુસાર યોગ્ય કાર્યવાહી કરી તેઓની રજુઆતનો યોગ્ય નિકાલ કરે તે હુકમ સાથે પ્રસ્તુત કેસનો નિકાલ કરવામાં આવે છે.

(સંજય નંદન)
કમિશનર

નકલ રવાના:-

(૧) ચાવડા દેવજીભાઇ મેસુરભાઇ, મુ. લુવારસાર, તા. વંથલી, જિ. જુનાગઢ તરફ જાણ સારૂ.
(૨) વિભાગીય નિયામકશ્રી, ગુજરાત રાજય, માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન, જુનાગઢ તરફ જાણ સારૂ.
(૩) ચીફ પર્સોનલ ઓફિસરશ્રી, ગુજરાત એસ.ટી., ગુજરાત રાજય, મધ્યસ્થ કચેરી, જમાલપુર, અમદાવાદ સારૂ.